પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News
RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૨૭, કુલ પાનાઃ૪, તારીખઃ ૨૧-૦૧-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 127 PRICE :-RS. 1.50 DATE : 21-01-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કૃષિ કાયદા માટે નિયુક્ત પેનલ બદલવાની ખેડૂતોની માંગ પર સુપ્રીમ કોર્ટ ખફા

## ૨૬ જાન્યુઆરીએ યોજાનાર ખેડૂતોની ટ્રેક્ટર રેલી રોકવા સુપ્રિમનો ઈન્કાર



ન્યુ દિલ્હી,

સુપ્રીમ કોર્ટે બુધવારે કૃષિ કાયદા મુદ્દે નિયુક્ત કરેલી પેનલને બદલાવની ખેડૂતોની માગને લઈને નારાજગી વ્યક્ત કરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કરતા કહ્યું હતુ કે, તેમના દ્વારા પેનલની નિમણૂક વાતચીત કરવા માટે જ કરાઈ છે તેમને નિર્ણય માટેની કોઈ સત્તા આપવામાં આવી નથી. તો પછી પક્ષપાત કરાયો હોવાની વાત જ ક્યાં ઉપસ્થિત થાય છે. દરમિયાન કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં ૨૬મી જાન્યુઆરીના રોજ ખેડૂતોની સંભવિત ટ્રેક્ટર રેલીને રોકવાની માગ કરતી અરજી પરત ખેંચી લીધી છે. સુપ્રીમ કોર્ટે આ અરજી મુદ્દે જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થા પોલીસના અધિકારક્ષેત્રમાં આવે છે. ખેડૂતોની ટ્રેક્ટર રેલી મુદ્દે પોલીસે યોગ્ય પગલાં લેવા જોઈએ સુપ્રીમ કોર્ટ તેમાં કોઈ દખલગીરી નહીં કરે.

ત્રણ કૃષિ કાયદા પર કેન્દ્ર અને ખેડૂતો વચ્ચે પડેલી મડાગાંઠને ઉકેલવા સુપ્રીમ કોર્ટે વાતચીત માટે ચાર સભ્યોની પેનલની રચના કરી છે. આ પેનલના મુદ્દે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસ એ બોબડેની અધ્યક્ષતામાં મળેલી બેન્ચે જણાવ્યું હતું કે તેમણે નિમેલી પેનલના મહાનુભાવો જજ છે અને તેઓ કોઈ વિષય નિષ્ણાત નથી.

ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ચાર સભ્યોની પેલનના ગઠનનો આદેશ આપ્યો હતો જેમાંથી કેટલાક સભ્યો કૃષિ કાયદાની તરફેણમાં હોવાનું જણાયું હતું. આ મામલે ત્યારે વિવાદ ઉઠ્યો જ્યારે પેનલા એક સભ્યએ પોતે આ સમિતિમાંથી ખસી જવાનો મત રજૂ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એ એસ બોપન્ના અને જસ્ટિસ વી રામાસુબ્રમણ્યમન પણ બેન્ચનો હિસ્સો છે અને તેમણે જણાવ્યું કે, આમાં પક્ષપાતનો સવાલ જ ક્યાં ઉપસ્થિત થાય છે. અમે કમિટીને કોઈ નિર્ણય લેવાની સત્તા સોંપી નથી. તમે (ખેડૂતો) પેનલ સમક્ષ હાજર નથી રહેવા ઈચ્છતા તે સમજી શકાય તેવી વાત છે પરંતુ કોઈના પર દોષારોપણ કરવું યોગ્ય નથી. બેન્ચે વધુમાં કહ્યું કે તમે આમ કોઈના પર કલંક ના લગાવી શકો. દરેક વ્યક્તિનો પોતાનો મત હોવો જોઈએ. જજનો પણ પોતાનો મત હોય છે. આ એક સર્વસામાન્ય બાબત છે. તમને ના જોઈએ તે વ્યક્તિનું ખોટું બ્રાન્ડિંગ કરવું તે હવે નિયમ બની ગયો છે. અમે કમિટીને ફેંસલો કરવાની સત્તા આપી નથી તેમ સુપ્રીમ કોર્ટની બેન્ચે જણાવ્યું હતું. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને ટકોર કરતા વધુ એક વખત જણાવ્યું હતું કે, ૨૬મી જાન્યુઆરીએ ખેડૂતોની પરેડના મુદ્દે પોલીસ પગલાં લઈ શકે છે. આ મામલે કોર્ટો કોઈ જ આદેશ નહીં આપે. કોર્ટે કહ્યું હતું કે, અમે અગાઉ પણ જણાવ્યું હતું કે અમે કોઈ નિર્દેશ નહીં આપીએ. આ પોલીની બાબત છે. અમે અરજી પરત ખેંચવા મંજૂરી આપીશું. સુપ્રીમ કોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગથી યોજાયેલી સુનાવણીમાં કેન્દ્ર સરકારે ૨૬મી જાન્યુઆરીના ગણતંત્ર દિવસે ખેડૂતોની સંભવિત ટ્રેક્ટર રેલીને રોકવા સુપ્રીમ કોર્ટમાં કરેલી અરજીને પરત ખેંચી હતી. ૧૨ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે ત્રણ કૃષિ કાયદા પર વધુ આદેશ ના અપાય ત્યાં સુધી અમલીકરણ પર સ્ટે લાગુ કરતો વચગાળાનો આદેશ આપ્યો હતો. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે ચાર સભ્યોની પેલન પણ રચી હતી જેની પાસે ખેડૂતોને વાતચીત કરવા જવા જણાવાયુ હતું. જો કે ખેડૂતો કૃષિ કાયદાને રદ કરવાની માગ પર અડગ છે અને તેમણે પેનલ પાસે નહીં જવાનું જણાવ્યું હતું.

સુપ્રીમ કોર્ટે રચેલી કમિટીમાં ઓલ ઈન્ડિયા કિસાન કોઓર્ડિનેશન કમિટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ભુપિન્દર સિંહ માન, સાઉથ એશિયાના ઈન્ટરનેશનલ ફૂડ પોલીસી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર પ્રમદો કુમાર જોશી, કૃષિ અર્થશાસ્ત્રી અને કમિશન ફોર એગ્રિકલ્ચર કોસ્ટ્સ એન્ડ પ્રાઈસીસના પૂર્વ ચેરમેન અશોક ગુલાટી તેમજ શેતકારી સંગઠનના અધ્યક્ષ અનિલ ઘનવટનો સમાવેશ કરાયો હતો. બાદમાં આ પેનલમાંથી ભુપિન્દર સિંહ માને ખસી જવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

## નિવૃત્ત નાયબ મામલતદાર પાસેથી ૩૦ કરોડની અપ્રમાણસર મિલકત મળી આવતા ખળભળાટ




ગાંધીનગર,

ગુજરાત એસીબી દ્વારા એક બાદ એક મોટી કાર્યવાહીઓ કરવામાં આવી રહી છે. મામલતદાર સામે ૨૫ લાખની લાંચનો કેસ, આણંદના એએસઆઈ સામે ૫૦ લાખની લાંચનો કેસ બાદ હવે ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટો કેસ એસીબીએ કર્યો છે. ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર સામે એસીબીએ ૩૦ કરોડની આવક કરતા વધારે સંપત્તિનો કેસ કર્યો છે.

ગુજરાત એસીબીના ઈતિહાસનો સૌથી મોટો કેસ સામે આવ્યો છે. ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ સામે આવક કરતા વધુ સંપત્તિની ફરિયાદ થઈ હતી. જેમા લાંચ રૂશ્વત વિરોધી શાખાએ તપાસ હાથ ધરી હતી, જેમા નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી રૂ.૩૦ કરોડથી વધુની સંપત્તિ મળી આવતા આખા ગુજરાતમાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી એ.સી.બીને ૪ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન, ૩ કરોડ રૂપિયાની કાર, ૩ ફ્લેટ, ૨ બંગલા, ૧૧ દુકાન, એક ઓફિસ, ૨ પ્લોટ પણ મળી આવ્યા છે. આ સાથે જ આરોપી વિરમ દેસાઈ રેવન્યુ કર્મચારી સંગઠનના પ્રમુખ પણ રહી ચુક્યા છે. વિરમ દેસાઇ પાસે ઑડી, બીએમડબલ્યુ જેગુઆર, મર્સિડિઝ, હોન્ડા સિટી જેવી અનેક કારો મળી આવી છે.

ગાંધીનગરના નિવૃત્ત નાયબ મામલતદાર સામે એસીબીએ ૩૦ કરોડની અપ્રમાણસર મિલકતનો કેસ દાખલ કર્યો છે. કલોલ ખાતે ફરજ બજાવતા નિવૃત નાયબ મામલતદાર વિરમ દેસાઈ પાસેથી એસીએનને ૩૦ જેટલા બેંક એકાઉન્ટ પણ મળી આવ્યા છે અને ૪ કરોડ રૂપિયાનું ટ્રાન્જેક્શન મળી આવ્યું છે. આ સિવાય રિયલ એસ્ટેટમાં પણ રોકાણ કર્યું હોવાનું સામે આવ્યું છે.

## ૩૦ જાન્યુઆરીએ દેશભરમાં ૨ મિનિટનું મૌન રખાશે

ન્યુ દિલ્હી,

ગૃહમંત્રાલયે શહીદ દિનને લઈને તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સૂચનાઓ જારી કરી છે. ગૃહ મંત્રાલયે ૩૦ જાન્યુઆરીને સવારે ૧૧ વાગ્યે શહીદ દિન પર તમામ બે મિનિટ મૌન રાખવા રાજ્યોને કહ્યું છે. ૩૦ જાન્યુઆરીએ સવારે ૧૧ વાગ્યે આખો દેશ બે મિનિટનું મૌન પાળશે. ૩૦ જાન્યુઆરી દેશમાં શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ગમખ્વાર અકસ્માતઃ ૧૩ લોકોના મોત



જલપાઈગુડી,

પશ્ચિમ બંગાળના જલપાઈગુડીમાં ગાઢ ધૂમ્મસના પગલે મંગળવારે રાત્રે લોખંડના બોલ્ડર ભરેલી ટ્રક એક કરતાં વધુ વાહનો સાથે ટકરાતાં ઓછામાં ઓછા ૧૩ જણના મૃત્યુ થયાં હતાં અને બીજા ૧૮-૧૯ જણને ઈજા થઈ હતી. એમાંના કેટલાકની ઈજા ગંભીર હોવાનું કહેવાય છે.

માર્ગઅકસ્માતને પગલે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસના મતે ગાઢ ધુમ્મસથી વિઝિબિલિટી બિલકુલ લો હતી અને ધુગપુડી તરફ રોંગ સાઈડમાં જઈ રહેલી ત્રણ જેટલી કાર સાથે પથ્થર ભરેલા ટ્રકની ટક્કર થઈ હતી. લગ્નની ખુશી મનાવવા જઈ રહેલા જાનૈયાઓની ત્રણ કારને અકસ્માત થતા હરખનો માહોલ ગમમાં ફેરવાઈ ગયો હતો. ઘાયલોને જલપાઈગુડીની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. ઈજાગ્રસ્તોને જલપાઈગુડીની એક હૉસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા. જલપાઈગુડીના એએસપી ડૉક્ટર સુમંત રૉયના કહેવા મુજબ મંગળવારે રાત્રે નવને પાંચે બોલ્ડર ભરેલી એક ટ્રક માયાનાલી પાસેથી પસાર થઈ રહી હતી. ટ્રક મૈનાગુડી તરફ જઈ રહી હતી. એ સમયે સામેથી ખોટી દિશામાં એક તાતા મેજિક અને બીજાં વાહન આવી રહ્યા હતાં. ગાઢ ધૂમ્મસના પગલે પહેલાં ટ્રક તાતા મેજિક સાથે ટકરાઈ હતી. ત્યારબાદ ટ્રકમાં રહેલાં બોલ્ડર્સ પડખેથી પસાર થઈ રહેલાં બીજાં વાહનો પર પડ્યા હતા અને અકસ્માતની ગંભીરતા વધી ગઈ હતી. આમ થવાથી ૧૩ વ્યક્તિનાં મોત થયાં હતાં અને બીજા અઢાર ઓગણીસ જણને ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને પહેલાં ધૂપગુડી નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યારબાદ જલપાઈગુડીની મોટી હૉસ્પિટલમાં શીફ્ટ કરાયા હતા. પ્રત્યક્ષદર્શીઓનું માનીએ તો બોલ્ડરથી ભરેલો ટ્રક, એબીજા ટ્રકની ઓવરટેક કરી રહ્યો હતો. આ દરમિયાન રોંગ સાઈડમાંથી આવી રહેલી ગાડીઓ સાથે તેની ટક્કર થઈ અને બોલ્ડર બીજી ગાડીઓ પર પડ્યા હતા. અકસ્માતનો ગુનો નોંધી ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે મૃતકોના પરિવારને ૨-૨ લાખ રૂપિયા અને ઘાયલોને ૫૦-૫૦ હજાર રૂપિયાની મદદ કરવાની પણ જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં સુરતથી ૬૦ કિલોમીટર દૂર કોસંબા વિસ્તારમાં એક દિવસ પહેલાં જ ડમ્પરે ૨૦ લોકોને કચડી નાખ્યા હતા, જેમાં ૧૫ લોકોનાં મોત નીપજ્યાં હતાં. પોલીસે જણાવ્યું હતું કે બધા મજૂર હતા અને રાજસ્થાનના બાંસવાડા જિલ્લાના હતા. કિમ-માંડવી રોડ પર પાલોદગામ નજીક આ અકસ્માત થયો હતો. મજૂરો ફૂટપાથ પર સૂઈ રહ્યા હતા.

## કોરોનાના નવા કેસ સામે આવ્યા બાદ ચીનની રાજધાનીમાં આંશિક લોકડાઉન

બીજિંગ,

ચીનના વુહાનમાંથી દુનિયાભરમાં કોરોના વાયરસ ફેલાયો હતો.એ પછી ચીને કોરોના પર કાબૂ કરવામાં સફળતા મેળવી હતી.આમ છતા હજી પણ કોરોનાના કેસ સમયાંતરે સામે આવી રહ્યા હોવાથી ચીનની સરકાર પરેશાન છે.

મળતી વિગતો પ્રમાણે કોરોનાના કેટલાક નવા કેસ સામે આવ્યા બાદ ચીનની રાજધાની બિજિંગમાં પાંચ વિસ્તારોમાં લોકડાઉન લાગુ કરાયુ છે.૧૬ લાખ લોકોને બિજિંગ છોડવાની મનાઈ ફરમાવવામાં આવી છે.સરકારે બિજિંગની સબ વે ટ્રેન સુવિધા બંધ કરી દીધી છે.

અધિકારીઓનુ કહેવુ છે કે, ૧૦ ડિસેમ્બર પછી જેઓ પણ બિજિંગમાં આવ્યા છે તે તમામ લોકોની મેડિકલ તપાસ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ચીનમાં મંગળવારે કોરોનાના ૧૧૮ નવા કેસ સામે આવ્યા હતા.જ્યારે આજે ૧૦૩ કેસ નોંધાયા છે.આ પૈકીના ૭ કેસ બિજિંગમાં છે.જે વિસ્તારમાં આ કેસ સામે આવ્યા છે ત્યાંના લોકો પર પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે.ઉપરાંત આ વિસ્તારોમાં ૫૦ થી વધુ લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મુકાયો છે.લગ્ન સમારોહ સ્થગિત કરવાનો આદેશ અપાયો છે.

## CBIએ લાંચ કેસમાં પોતાના જ DSP સહિત ત્રણને દબોચ્યા

ન્યુ દિલ્હી,

એક બેક્ર કૌભાંડ કેસમાં ૫૫ લાખ રુપિયાની લાંચ લેવાના આરોપમાં કેન્દ્રિય એજન્સી સીબીઆઈએ પોતાના જ એક ડીએસપી, એક ઈન્સ્પેક્ટર અને એક વકીલની ધરપકડ કરી હતી. કેન્દ્રિય એજન્સીએ આ કેસમાં પોતાના જ ચાર અધિકારીઓ વિરુદ્ધ કેસ નોંધ્યા હતા. આ માટે સીબીઆઈએ ડીએસપીના સહારનપુર અને રુડકીના ઠેકાણાંઓ પર દરોડા પાડ્યા હતા જ્યાં એક કેસમાં આરોપી વ્યક્તિને રાહત અપાવવા માટે ૫૫ લાખ રુપિયાની લાંચ લેવામાં આવી રહી હતી.

## કેન્દ્ર સરકાર ટાટા કોમ્યુ.માં ૨૬.૧૨ ટકા ભાગીદારી વેચવાની તૈયારીમાં

ન્યુ દિલ્હી,

કેન્દ્ર સરકાર ટાટા કોમ્યુનિકેશન્સ લિમિટેડ એટલે કે પૂર્વની વિદેશ દૂરસંચાર નિગમ લિમિટેડમાં પોતાની તમામ ૨૬.૧૨ ટકા ભાગીદારી વેચવાની તૈયારીમાં છે. આ માટે સરકાર ઓફર ફોર સેલ લઈને આવી છે. મોદી સરકારને આશા છે કે તેનાથી ૮૦૦૦ કરોડ રૂપિયાથી વધારે કિંમત મળશે અને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિનિવેશના લક્ષ્યોને હાંસલ કરવામાં થોડી મદદ મળશે, કેન્દ્ર સરકારની યોજના હેઠળ ટાટા કોમ્યુનિકેશન્સમાં સરકાર અમુક હિસ્સો ટાટા ગ્રૂપને વેચશે, તો અમુક હિસ્સો ઓએફએસ મારફતે સ્ટોક માર્કેટમાં વેચશે.

એક રિપોર્ટ મુજબ હજુ સુધી એ નક્કી થયું નથી કે કેટલા શેર ઓએફએસ મારફતે વેચવામાં આવશે અને કેટલા શેર ટાટા ગ્રૂપ ખરીદશે. પણ વિત્ત મંત્રાલયના સુત્રોએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે કેન્દ્ર સરકારની કેબિનેટ કમિટી ઓન ઈકોનોમિક અફેર્સએ ૧૬ ટકા ભાગીદારી ઓએફએસ મારફતે વેચવાની મંજૂરી આપી છે અને બાકીની ૧૦.૧૬ ટકા ભાગીદારી ટાટા ગ્રૂપને વેચવાનો નિર્ણય કર્યો છે.

આ માટે ડીઆઈપીએએમએ મર્ચેન્ટ બેંકર્સ અને સેલિંગ બ્રોકર્સને બિડ માટે આમંત્રિત કર્યા છે. આ માટે બોલી લગાવવાની અંતિમ તારીખ ૩ ફેબ્રુઆરી છે અને ૪ ફેબ્રુઆરીએ બિડ્સ ઓપન થશે. સરકારે આ ટ્રાન્જેક્શનને ૨૦ માર્ચ ૨૦૨૧ સુધી પૂરૂ કરવાનું લક્ષ્ય રાખ્યું છે. તમને જણાવી દઈએ કે વીએસએનએલને ૨૦૦૨માં પ્રાઈવેટાઈઝ કરવામાં આવી હતી અને તેનું નામ બદલીને ટાટા કોમ્યુનિકેશન્સ લિમિટેડ થઈ ગયું છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના ક્યુ-૩ પરિણામોની જાહેરાત બાદ ટાટા કોમ્યુનિકેશન્સના શેરોમાં આજે શરૂઆતી કારોબારમાં ૭ ટકા સુધી ઘટાડો જોવા મળ્યા છે. બપોરે કંપનીના શેરમાં ૬.૬૩ ટકાનો ઘટાડાની સાથે ૧૦૫૪.૨૦ રૂપિયા પર ટ્રેડ થઈ રહ્યો છે.



મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# વિરપુર અને બાલાસિનોર ખાતેથી નવા NFSA રેશનકાર્ડ ધારકોને રેશનકાર્ડનું વિતરણ કરાયું


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ગુજરાત રાજયમાં વિવિધ પાત્રતા ધરાવતા રેશનકાર્ડ ધારકોને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદો-૨૦૧૩ની જોગવાઈઓ અંતર્ગત તા.૧૩/૧૦/૨૦૨૦ના ઠરાવ અન્વયે નવા એન.એફ.એસ.એ. રેશનકાર્ડ વિતરણ અંતર્ગત મહીસાગર જિલ્લામાં આજે તા.૨૦મીના રોજ મહાનુભાવોના હસ્તે વિરપુર અને બાલાસિનોર ખાતે રેશનકાર્ડનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીએ જૂનાગઢ જિલ્લાના કેશોદ મુકામેથી ઈ-માધ્યમથી ઓનલાઈન ઉપસ્થિત રહીને પ્રારંભ કરાવ્યો હતો.

વિરપુર ખાતેથી ઈ-લોકાર્પણમાં ભાગ લેતાં પુર્વ ચેરમેન રાજેશભાઈ પાઠકે જણાવ્યું કે, ભારત સરકારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ પસાર કરતાં રાજયમાં તેનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તારની ૭૪.૬ ટકા અને શહેરી વિસ્તારની ૪૮ ટકા વસ્તીને આવરી લેવાની થાય છે. જે અંતર્ગત જિલ્લામાં હાથ ધરવામાં આવેલ કામગીરી દરમિયાન જિલ્લાના દિવ્યાંગો, ગંગાસ્વરૂપા બહેનો, વયોવૃધ્ધ નાગરિકો, બાંધકામ શ્રમયોગીઓને આવરી લેવામાં આવ્યા છે જેનાથી આ નાગરિકોને સીધો લાભ મળશે. અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વન નેશન વન રેશનકાર્ડની વિભાવનાને સાકાર કરશે તેમ જણાવ્યું હતું.

પાઠકે કોરોના કાળ દરમિયાન જિલ્લા પુરવઠા વિભાગ દ્વારા અનાજ વિતરણની કરવામાં આવેલ કામગીરીને બિરદાવી હતી.

જિલ્લા કલેકટર આર.બી.બારડે પ્રાસંગિક ઉદ્દબોધન કરી રાજય-કેન્દ્ર સરકારની જનસુખાકારીની વિવિધ યોજનાઓની વિગતો આપી હતી. રાજય સરકારે સંવેદનશીલ નિર્ણય કરીને સમગ્ર રાજયમાં જનઅભિયાન હાથ ધર્યું હતું. જે અંતર્ગત મહીસાગર જિલ્લામાં આ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ દિવ્યાંગ, ગંગા સ્વરૂપ બહેનો, ૬૦ વર્ષની ઉપરની તમામ વ્યકિતઓ, બાંધકામ શ્રમિકો તથા ત્રણ પૈંડાના યાંત્રિક વાહન ધરાવતાં ઓટોરીક્ષા તથા ટેમ્પા ચાલકો તેમજ અન્ય પાત્રતા ધરાવતા લાભાર્થીઓનો સમાવેશ કરવાનું નિયત કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં ઓકટોબર માસથી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન ૫૮૧ દિવ્યાંગ વ્યકિતઓ, ૫૩૩ ગંગાસ્વરૂપા બહેનો, ૫૩૪ વયોવૃધ્ધ નાગરિકો, ૪૭૧ બાંધકામ શ્રમયોગી, અન્ય ૩૯૨૩ લાભાર્થીઓ મળી કુલ ૬૦૪૨ રેશનકાર્ડ ધારકોનો સમાવેશ કરવામાં આવ્યો છે તેઓને આજે રેશનકાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ છે.

આ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવેશ થયેલા રેશનકાર્ડ ધારકોને આજે વિરપુર ખાતે પંચાયત કોમ્યુનીટી હોલમાં તેમજ બાલાસિનોર ખાતે કરૂણાનીકેતન હાઈસ્કૂલ ખાતે મહાનુભાવોના હસ્તે રેશનકાર્ડનું વિતરણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક આર.પી.બારોટ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચંદ્રીકાબેન ભાભોર, અગ્રણી જયેન્દ્ર બારોટ, સરપંચ જીગ્નાસાબેન બારોટ સહિત જિલ્લા-તાલુકાના અગ્રણીઓ, જિલ્લા-તાલુકાના અધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.

# ખાનપુર તાલુકાના છાપરી ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાનો જીગ્નેશભાઈ સેવક દ્વારા શુભારંભ કરાયો



લુણાવાડા,
મહીસાગર જિલ્લાના ખાનપુર તાલુકાની જ્ઞાનદિપ વિદ્યાલય, છાપરી ખાતેથી લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઈ સેવકે કિસાન સૂર્યોદય યોજનાને શુભારંભ કર્યો હતો.

જીગ્નેશભાઈ સેવકે ખેડૂતોને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોને રાત્રે વીજળી મળી રહે તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારે મહત્વની યોજનાની શરૂઆત કરી છે. મહીસાગર જિલ્લામાં મુખ્યમંત્રી એ લુણાવાડા ખાતેથી કિસાન સૂર્યોદય યોજનાની શરૂઆત કરી હતી. રાત્રે ખેડૂતોને ખેતરમાં પિયત વેળાએ ઝેરી જીવ-જંતુ અને જંગલી જાનવરોનો ડર રહેતો હતો તેવી તમામ મુશ્કેલીઓનો અંત આવશે. રાજ્ય સરકારે જ્યોતિગ્રામ યોજના દ્વારા ૧૮ હજાર ગામોમાં વીજળી કરણ કર્યું છે. ખેડૂતો માટે પહેલા બિયારણ, સિંચાઈ અને વીજળીની અછત સર્જાતી હતી. પરંતુ સરકારે કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી કૃષિક્ષેત્રે નવી ક્રાંતિ લાવ્યા છે. જીગ્નેશભાઈ સેવકે વધુમાં જણાવ્યું કે, જ્યારે નરેન્દ્ર મોદી સાહેબ ગુજરાતનાં મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં ઘણી યોજનાઓનો પ્રારંભ કરીને ગુજરાતને ઘણી અમૂલ્ય ભેટો આપી છે. વર્તમાન સમયમાં આપણે છેલ્લા કેટલાક મહિનાથી કોવિડ જેવી મહામારીથી ઝઝૂમી રહ્યા છીએ. ત્યારે આપણા વડાપ્રધાન , મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી લોકોની વચ્ચે રહીને લોકોના પ્રશ્નોના હલ લાવવાના પ્રયાસ હાથ ધર્યા છે. વડાપ્રધાને લોકોને સારી સુવિધા મળી રહે તેની ચિંતા કરી છે.

આ પ્રસંગે અગ્રણી દશરથસિંહ બારીયાએ જણાવ્યું કે, કિસાન સૂર્યોદય યોજના નો શુભારંભ થવાથી ખેડૂતોને રાત્રે આવવા જવા માટે પડતી મુશ્કેલીઓનો અંત આવશે. સરકાર ખેડૂતો માટે સંપૂર્ણપણે કટિબદ્ધ છે.
આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય કાળુભાઈ માલીવાડે પ્રાસંગીક ઉદ્દબોધન કર્યુ હતું. પ્રારંભમાં કાર્યપાલક ઈજનેર આર. જી. શાહે સ્વાગત પ્રવચન કરી કિસાન સૂર્યોદય યોજનાની વિગતો આપી હતી. જ્યારે અંતમાં નાયબ ઈજનેર આર. બી. માલીવાડ આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં, જિલ્લા જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા, પદાધિકારી અધિકારીઓ તેમજ ખેડૂતો સોશ્યલ ડિસ્ટન્ટસ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૧૯૮૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૨૦-૦૧-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૯૮૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૨૮ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૪ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/ કોરોનાના કુલ ૧૧૭૧૮૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૧૮ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૦૮ દર્દી હોમ આઈસોલેશન અને ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૦ દર્દીઓ સ્ટેબલ અને ૦૨ દર્દીઓ ઓક્સિજન પર છે.

# ૭૨ માં પ્રજાસત્તાક પર્વ ઉજવણીની પૂર્વતૈયારી અંગે જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં બેઠક મળી

લુણાવાડા,
કોરોના મહામારી વચ્ચે સરકારની માર્ગદર્શિકા મુજબ રાષ્ટ્રીય પર્વ ૭૨ માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામા આવશે. તેમ જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ જણાવ્યુ છે. જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની અદયક્ષતામાં રાષ્ટ્રીય પર્વ ૨૬ જાન્યુઆરીની ઉજવણી અંગે બેઠક મળી હતી.

ડીડીઓએ સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી દરમિયાન સામાજિક અંતર જળવાઈ તેની વિશેષ તકેદારી રાખવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી. વધુમાં ઉમેર્યુ કે, પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં ખાસ કરીને પોતાની અને પરિવારની ચિંતા કર્યા વગર સમાજ અને દેશ માટે રાત દિવસ કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં યોગદાન આપનાર પ્રથમ હરોળના કોરોના વોરિયર્સ આરોગ્ય કર્મીઓને સન્માનિત કરવામાં આવશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર આર.આર.ઠક્કર, પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયા, નાયબ પોલીસ અધિક્ષક સહિતના વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહિસાગર જિલ્લાના ખેડૂતોએ બાગાયત ખાતાની ઓઈલ પામ ઘટક યોજનાનો લાભ મેળવવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર ૨૫ જાન્યુઆરી ૨૦૨૧ સુધી અરજી કરી શકાશે

લુણાવાડા,
વર્ષ ૨૦૨૦-૨૧ માટે બાગાયત ખાતાની ઓઈલ પામ ઘટક યોજના હેઠળ રાજ્યના ખેડૂતો આઈ ખેડૂત પોર્ટલ માં અરજી કરી મહત્તમ લાભ લઈ શકે તે માટે આઈ ખેડૂત પોર્ટલ ખુલ્લું મુકવામાં આવ્યું છે.
જે ખેડૂત મિત્રો બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ જેવી કે ઓઈલ પામ વાવેતર વિસ્તાર, મશીનરી એન્ડ ટુલ્શ, ઓઈલ પામ ફ્રેશ ફ્રુટ બ્રાન્ચીશ (FFB) ના ટેકાના ભાવ, ડીઝલ/ ઈલેકટ્રેક પંપ સેટ (ઓઈલ પામ HRT-6), બોરવેલ/ ટ્યુબ વેલ/ વોટર હારવેસ્ટ સ્ટકચર, ઈન્ટર ક્રોપીંગ વગેરે ઘટકોમાં તારીખ ૨૫/૦૧/૨૦૨૧ સુધીમાં ખેડૂતોએ ઓન-લાઈન ikhedut.gujarat.gov.in સાઈટ પર અરજી કરી અરજીની પ્રિન્ટ તથા સાધનિક દસ્તાવેજો સહિત કચેરી ખાતે પહોંચાડવા નાયબ બાગાયત નિયામક બ્લોક-૧૪, સરદાર પટેલ વિદ્યાલય પાસે, લુણાવાડા, મહીસાગર. ફોન નંબર ૦૨૬૭૪-૨૫૦૪૨૫ પર સંપર્ક કરવા નાયબ બાગાયત નિયામક મહિસાગરની અખબારી યાદીમાં જણાવાયું છે.

# જામનગરમાં બર્ડફલુ: ખોજાબેરાજા પાસે ૨૬ પક્ષીના મોત થતાં તંત્રમાં દોડધામ

જામનગર,
રાજયમાં બર્ડફલુના કેસ વચ્ચે જામનગર નજીક ખોજાબેરાજા પાસે ૨૬ પક્ષીના મોત થતાં પશુપાલન વિભાગમાં દોડધામ મચી ગઈ હતી. મૃતક પક્ષીમાં ૧૨ ટીટોડી, ૬ મોર, ૧ નૂતવાડી, ૭ સીસોટી બતકનો સમાવેશ થાય છે.ચારેય પક્ષીના એક - એક મૃતદેહ થ્રી લેયર પ્લાસ્ટીકમાં પેક કરી બરફ પર રાખી ભોપાલ લેબોરેટરીમાં મોકલાયા હતાં. જો કે, તમામ પક્ષીનો બર્ડફલુનો રિપોર્ટ નેગેટિવ આવતા તંત્રએ હાશકારો અનુભવ્યો છે. કોરોના મહામારી વચ્ચે રાજયમાં બર્ડફલુના કેસથી તંત્રની મુશ્કેલી તો લોકોની ચિંતા વધી છે.

આ સ્થિતિમાં જામનગરમાં પણ પશુપાલન વિભાગની ૪૦ ટીમ દ્વારા તમામ પોસ્ટ્રીફાર્મમાં મરઘાઓની સર્વેલન્સ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને પક્ષીઓના નમૂના ચકાસણી અર્થે ભોપાલ લેબોરેટરીમાં મોકલાયા હતાં. જો કે, તે પૈકી કોઈ પક્ષીનો બર્ડફલુનો કોઈ રિપોર્ટ પોઝિટીવ આવ્યો ન હતો.

રાજયમાં બર્ડફલુના કેસ વચ્ચે જામનગરનું ખીજડિયા પક્ષી અભ્યારણ્ય પ્રવાસીઓ માટે બંધ કરવામાં આવ્યું છે. આટલું જ નહીં અભ્યારણ્યમાં વિદેશથી આવતા ૭૦ યાયાવર પક્ષીઓના નમૂના લઈ ભોપાલ લેબોરેટરીમાં ચકાસણી અર્થે મોકલાયા છે. જો કે, હજુ આ પક્ષીઓનો બર્ડફલુનો રિપોર્ટ આવ્યો નથી.

# રાજ્યની ગ્રા.મા.અને ઉ.મા.સ્કૂલોના બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળમાં ફેરફાર

ગાંધીનગર,
રાજયના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળમાં ફેરફાર કરવામાં આવ્યો છે. અગાઉ ૨ હજાર કરતા વધુ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સ્કૂલોને ૬ બિન શૈક્ષણિક કર્મચારીઓ મળતા હતા તેના બદલે હવે ૫ જ મળશે. ૨ હજાર કરતા વધુ સંખ્યા ધરાવતી સ્કૂલોમાં અગાઉ ૨ સિનિયર ક્લાર્ક મળતા હતા તેમાં ઘટાડો કરી ૧ જ સિનિયર ક્લાર્ક કરી દેવાયો છે. આ ઉપરાંત અન્ય સંખ્યામાં સામાન્ય ફેરફાર કરવામાં આવ્યો છે. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓનું સંખ્યાબળ ૧ ઓગસ્ટ, ૨૦૧૧ના ઠરાવથી નિયત કરવામાં આવ્યું હતું. જો કે ત્યાર બાદ કમિશનર ઓફ સ્કૂલની કચેરીએ ૨૦૧૭માં સંખ્યાબળમાં ફેરફાર કરવા માટે દરખાસ્ત કરી હતી. આ દરખાસ્ત સરકારમાં વિચારણા હેઠળ હતી.

જે અંગે હવે ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. જેમાં સરકારે ગ્રાન્ટેડ સ્કૂલોના બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળમાં સુધારો કર્યો છે. અગાઉ સ્કૂલોને જે સંખ્યાબળ મળતું હતું તેમાં સામાન્ય ફેરફાર થયો છે. અગાઉ મહત્તમ ૬નું સંખ્યા બળ મળતું હતું તેના બદલે હવે મહત્તમ ૫નું જ સંખ્યાબળ મળશે. આમ, બિન શૈક્ષણિક કર્મચારીઓના સંખ્યાબળમાં ઘટાડો કરાયો છે. નવી જોગવાઈ મુજબ ૩૦૦ વિદ્યાર્થી સુધીની સ્કૂલને ૧ જુનિયર ક્લાર્ક મળશે. જ્યારે ૩૦૧થી ૬૦૦ની સંખ્યામાં ૧ જુનિયર ક્લાર્ક અને ૧ સિનિયર ક્લાર્ક, ૬૦૧થી ૧૦૦૦ની સંખ્યામાં ૧ જુનિયર ક્લાર્ક, ૧ સિનિયર ક્લાર્ક, ૧ હેડ ક્લાર્ક મળશે. આ જ રીતે ૧૦૦૧થી ૧૪૦૦ની સંખ્યામાં ૨ જુનિયર ક્લાર્ક, ૧ સિનિયર ક્લાર્ક, ૧ હેડ ક્લાર્ક, ૧૪૦૧થી ૨૦૦૦ની સંખ્યામાં ૨ જુનિયર ક્લાર્ક, ૧ સિનિયર ક્લાર્ક, ૧ હેડ ક્લાર્ક અને ૧ ઓફીસ સુપ્રિટન્ડન્ટ મળશે.

ઉપરાંત ૨૦૦૦ કરતા વધુ સંખ્યા ધરાવતી સ્કૂલોને પણ ૨ જુનિયર ક્લાર્ક, ૧ સિનિયર ક્લાર્ક, ૧ હેડ ક્લાર્ક અને ૧ ઓફીસ સુપ્રિટન્ડન્ટ મળશે. અગાઉની જોગવાઈ અનુસાર, ૬૦૦ વિદ્યાર્થી સુધીની જોગવાઈમાં કોઈ ફેરફાર થયો નથી. પરંતુ ૬૦૧થી ૧૦૦૦ની સંખ્યામાં અગાઉ ૨ જુનિયર ક્લાર્ક અને ૧ સિનિયર ક્લાર્ક મળતો હતો, જેન બદલે હવે એક હેડ ક્લાર્ક મળતો થશે. ઉપરાંત ૧૦૦૧થી ૧૪૦૦ની સંખ્યામાં અગાઉ ૨ જુનિયર અને ૨ સિનિયર ક્લાર્ક મળતા હતા, જેમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે અને એક હેડ ક્લાર્કનો ઉમેરો કરાયો છે. ૧૪૦૧થી ૨૦૦૦ની સંખ્યામાં અગાઉ ઓફીસ સુપ્રિટન્ડન્ટ મળતો ન હતો. જોકે નવી જોગવાઈમાં મળતો થશે. જ્યારે ૨ હજાર કરતા વધુની સંખ્યામાં અગાઉ ૨ સિનિયર ક્લાર્ક મળતા હતા તેના બદલે હવે ૧ જ સિનિયર ક્લાર્ક મળશે.

# દુનિયાની સામે અચાનક પ્રગટ થયા ચીનના અબજોપતિ જેક મા, આપ્યો સંદેશ



પેઈચિંગ,
ચીનના ત્રીજા સૌથી અમીર અરબપતિ અને કરોડો લોકો માટે પ્રેરણાસ્ત્રોત રહેલા જેક મા અચાનકથી દુનિયાની સામે પ્રગટ થયા છે. ત્યાંના સરકારી મીડિયા પ્રમાણે જેક માએ બુધવારે ચીનના ૧૦૦ ગ્રામીણ શિક્ષકો સાથે વીડિયો લિંક દ્વારા વાતચીત કરી છે. જેક માએ શિક્ષકોને કહ્યું કે, 'જ્યારે કોરોના વાયરસ ખતમ થઈ જશે ત્યારે આપણે ફરીથી મળીશું'.

જેક માને અંગ્રેજી શિક્ષકથી સાહસી બનનારા ગણાવવામાં આવ્યા છે. જેક માના પરિચયમાં અલીબાબાનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, જેની સ્થાપના તેણે પોતે કરી છે. ચીનમાં તેવી ચર્ચા થઈ રહી છે કે, જેક માની કંપની અલીબાબાનું સંચાલન ચીની સરકાર પોતાના હાથમાં લઈ શકે છે. આ પહેલા દુનિયાભરમાં પ્રખ્યાત ચીનના સૌથી અમીર લોકોમાંથી એક જેક માના ગાયબ થવા બાદ ઘણા પ્રકારના સવાલો ઉભા થયા હતા. જેક માએ દેશના 'વ્યાજખોર' જાહેર ક્ષેત્રની બેંકોની આકરી ટીકા કરી હતી.

# 'ગુજસીટોક' હેઠળ વડોદરામાં પ્રથમ ગુનો: બિચ્છુ ગેંગના ૧૨ સાગરીતોની ધરપકડ



વડોદરા,
ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં અમલમાં મૂકવામાં આવેલા 'ગુજસીટોક'(ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ ક્રાઈમ એકટ)ના કાયદા હેઠળ વડોદરામાં પ્રથમ ગુનો નોંધાયો છે. શહેરની માથાભારે બિચ્છુ ગેંગ સામે ક્રાઈમ બ્રાન્ચે 'ગુજસીટોક' હેઠળ ગુનો નોંધીને ૧૨ સાગરીતોની ધરપકડ કરવામાં આવી છે. જોકે, ગેંગનો મુખ્ય સૂત્રધાર અસલમ બોડિયો હાલ ભૂર્ગભમાં ઉતરી ગયો છે. ગુનાખોરી ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગુજસીટોક'નો કાયદો અમલમાં લવાયો હતો

માથાભારે ગુનેગારોને સબક શિખવાડવા અને ગુનાખોરી ડામવા માટે રાજ્ય સરકાર દ્વારા 'ગુજસીટોક'નો કાયદો અમલમાં લવાયો હતો. રાજયના મોટાભાગના શહેરોમાં માથાભારે શખ્સો સામે 'ગુજસીટોક' હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા છે, પરંતુ, વડોદરામાં આ કાયદા હેઠળ અત્યાર સુધી એક પણ ગુનો નોંધાયો ન હતો.

દરમિયાન, તાજેતરમાં ફતેગંજ પોલીસ સ્ટેશનની હદમાં વહેલી સવારે મોપેડ પર આવેલા ત્રણ શખસોએ ચપ્પુની અણીએ બે લોકોને લૂંટી લીધી હોવાનો બનાવ પોલીસ સ્ટેશનમાં નોંધાયો હતો. આ બનાવમાં પોલીસે બિચ્છુ ગેંગના માથાભારે અતિક સબદરહુસેન મલેક, મહમદસીદીક અબ્દુલસત્તાર મન્સુરી અને ફૈઝલ હુસેન શેખની ધરપકડ કરી હતી. જયારે શાહનવાઝ ઉર્ફે ચાઈનીઝ બાબા જુલ્ફીકારઅલી સૈયદની શોધખોળ કરવામાં આવી રહી છે. વડોદરા શહેરના જોઈન્ટ પોલીસ કમિશનર ચિરાગ કોરડીયા અને ડીસીપી જયદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, બિચ્છુ ગેંગ સામે વડોદરામાં ૧૯૯૮થી અત્યાર સુધીમાં ૬૨ ગુના નોંધાયા છે અને પોલીસે બિચ્છુ ગેંગના ૨૬ પૈકી ૧૨ સાગરીતની ધરપકડ કરી છે અને અસલમ બોડિયાને પકડવા માટે અમે ટીમો બનાવી છે અને તેન શોધખોળ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, ભૂતકાળમાં અસલમ બોડિયાની બિચ્છુ ગેંગ સામે વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનોમાં મારામારી, રાયોટીંગ, ખંડણી, લૂંટ, મકાન-જમીન ખાલી કરાવવા જેવા અસંખ્ય ગુનાઓ નોંધાયા છે, ત્યારે બિચ્છુ ગેંગે ફરી માથુ ઉંચકતા પોલીસ એકશનમાં આવી હતી. વડોદરા ક્રાઈમ બ્રાન્ચે સરકાર દ્વારા ગુનાખોરી ડામવા માટે નવા અમલમાં મૂકાયેલા 'ગુજસીટોક' હેઠળ બિચ્છુ ગેંગ સામે ગુનો નોંધ્યો હતો. અને ૧૨ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. હાલ બિચ્છુ ગેંગનો મુખ્ય સુત્રધાર અસલમ બોડિયો ભુગર્ભમાં ઉતરી ગયો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૧-૦૧-૨૦૨૧, ગુરૂવાર, પોષ સુદ-૮, સૂર્યોદય-૭-૩૦, સૂર્યાસ્ત-૬-૨૬, જૈન નવકારશી-૮-૧૮, આજની રાશિ : મેષ (અ.લ.ઈ.), નક્ષત્ર: અશ્વિની

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૨-૩૬થી ૧૩-૨૦ સુધી, ૭-૩૦થી શુભ-૮-૫૨ સુધી, ૧૧-૩૬થી ચલ-લાભ-અમૃત-૧૫-૪૩ સુધી, ૧૭-૦૫થી શુભ-અમૃત-ચલ-૨૧-૪૩ સુધી<br><br>- શુભ હોરા-<br>૭-૩૦ થી ૮-૨૪ સુધી ૧૦-૧૪થી ૧૨-૫૮ સુધી, ૧૩-૫૩ થી ૧૪-૪૮ સુધી, ૧૬-૩૭થી ૧૯-૩૨ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૨૧.૦૧.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.):-સટ્ટાકિય કાળજી રાખવી. નોકરીમાં બદલી બઢતી મળે. માનસિક ચિંતા હળવી બને. આનંદમય વાતાવરણ રહે.
વૃષભ(બ.વ.ઉ.):-શારીરિક સુખ ઉત્તમ રહે. સંતાન સુખ ઉત્તમ. બુદ્ધિવિવેકથી કાર્યમાં પ્રગતિ મળે.
મિથુન(ક.છ.ઘ.):-ઈષ્ટદેવની ઉપાસનાથી મુશ્કેલીમાં રાહત, ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ. વાતાવરમ સુમેળ રહે.
કર્ક(ડ.હ.):-વેપાર અર્તે થેયલો પ્રવાસ લાભદાયી બની રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. અભ્યાસમાં પ્રગતિ.
સિંહ(મ.ટ.):-ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ.કુટુંબ સુખ ઉત્તમ આરોગ્ય સુખાકારી જદ્યળવાઈ રહે. આકસ્મિક ધનલાભ બને.
કન્યા(પ.ઠ.ણ.):-માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાન સુખ ઉત્તમ રહે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
તુલા(ર.ત.):-ધંધાનું આયોજન સફળ બને. આવકનું પ્રમામ જલવાઈ રહે. ઉત્તમ સમય. આરોગ્ય સારું રહે.
વૃશ્ચિક(ન.ય.):-કાયદાકીય પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. માનસિક ચિંતા હળવી બને.
ધન(ભ.ધ.ફ.ઢ.):-રોજગારીની નવી તકો મળે. દંધાકીય નવું રોકાણ શકય બને. વાતાવરણ સુમેળ બને. અભ્યાસમાં પ્રગતિ.
મકર(ખ.જ.):-સંતાન-સંબંધી પ્રશ્નો હલ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે. એકંદરે સમય શુભ. આરોગ્ય સારું રહે.
કુંભ(ગ.શ.સ.):-રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થઈ શકે છે. કાયદાકીય પ્રશ્નોનો હલ થાય. આરોગ્ય સુખમયી બને.
મીન(દ.ચ.ઝ.):-વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય સંતાનના પ્રશ્નો હલ થાય. કુટુંબ વાતાવરણ સુમેળ રહે. નોકરીમાં બઢતી થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દેવગઢબારિયા નગરપાલિકાના રાજકીય ગરમાવા પાછળ ભાજપની એક મહિલા પાલિકાના સભ્યના પતિનો હાથ હોવાની ચર્ચા

દાહોદ ,

દેવગઢબારિયા નગરપાલિકાના રાજકારણમાં છેલ્લા કેટલાક સમયથી ગરમાવો જોવા મળી રહ્યો છે જેમાં પાલિકા પ્રમુખને હટાવવા અને કાવાદાવા થઈ રહ્યા હતા. જેમાં આ કાવાદાવા પાછળ પાલિકા ના એક મહિલાનો રોસ્ટર હોવાથી આ અનેક મહિલા પ્રમુખની રેસમાં રહી હતી. ત્યારે આ પાલિકામાં કોંગ્રેસના એક સભ્ય સિવાય કોંગ્રેસના તમામ સભ્યો ને સ્થાનિક રાજ્યકક્ષાના મંત્રી ના પ્રયાસથી ભાજપમાં જોડાઈ ગયા હતા અને અગાઉ પ્રમુખ ફારૂક જેથરા ને હટાવવા માટે જાણે એડીચોટીનું જોર લગાવ્યું હોય તેમ કોંગ્રેસના માજી પાલિકા પ્રમુખ સભ્ય ને અને હાલ પાલિકા સભ્ય મદીના બેન રફિકભાઈ ભીખાને પોતાના હાથો બનાવી પક્ષાંતર ધારા હેઠળ ની અરજી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ માં સભ્ય ના પતિ દ્વારા ભાજપ નો ઝંડો લઈને પૂરતો આ પતિએ પોતાની પત્નીને પ્રમુખ બનાવવા માટે ભાજપની વિરૂદ્ધ જય આ વર્તમાન પ્રમુખને હટાવ્યા હોવાનું નગરજનો મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે હવે ભાજપમાં રહી ભાજપ સાથે બગાવત કરનારા મહિલા સભ્યને સ્થાનિક નેતાઓ તેમજ ભાજપ પક્ષ મદદરૂપ થશે કે કેમ?

**- આ મહિલાને સભ્ય પ્રમુખ બનવાનો હોવાની ચાલતા કારસ્તાન.**
**- ભાજપ પક્ષ દ્વારા આવા સભ્યો અને પ્રમુખ બનવા મદદરૂપ થશે ખરૂ?**
**- ભાજપ શાસિત બનેલ પાલિકામાં ભાજપ નાજ બળવાખોર હોવાનું બહાર આવતાં સ્થાનિક રાજકારણમાં ગરમાવો.**

ભાજપના મહિલા સભ્યના પતિનો હાથ હોવાનું ચર્ચાઇ રહ્યું છે. ત્યારે શું આ મહિલા સભ્યને ભાજપ પક્ષ મદદરૂપ થશે ખરૂં તેવા અનેક સવાલો ઉઠવા પામ્યા છે.

દેવગઢબારિયા નગરપાલિકા પ્રમુખની બીજી ટર્મમાં સામાન્ય મહિલા નું રોસ્ટર હોવાથી અનેક મહિલા સભ્ય પ્રમુખની રેસમાં રહી હતી. જેમાં કોંગ્રેસના નિશાન ઉપર જીતેલા મહિલા સભ્યને પ્રમુખ બનતા ભાજપના મહિલા સભ્યના પતિ દ્વારા આ પ્રમુખને હટાવવા માટે એડી ચોટીનું જોર લગાવ્યું હતું અને કોંગ્રેસના એક સભ્ય ને હાથો બનાવી આખરે પક્ષાંતર ધારા હેઠળ તેને હટાવ્યા હોવાનું નગરમાં ચર્ચાઈ રહ્યું છે. ત્યારે પાલિકાના બીજી ટર્મ માં સામ્યા તમામ ભાજપના કોંગ્રેસના સભ્યો મળીને પ્રમુખ બનાવ્યા હતા અને તે પછી અઢી વર્ષના સમય પૂરો થતાં સામાન્ય મહિલા નો રોસ્ટર હોવાથી ભાજપ પાર્ટી દ્વારા જે નક્કી કરવામાં આવે તેને પ્રમુખ બનવાનું નક્કી થયું હતું ત્યારે કોંગ્રેસમાંથી જીતેલ દક્ષાબેન નાથાણી નું નામ ચૂંટણી પ્રક્રિયા દ્વારા જાહેર કરવામાં આવતા જેમાં માજી પ્રમુખ ડો ચાર્મી સોની દ્વારા આ કરવાના છે પ્રમુખ નું નામ જાહેર કરતા તેનો વિરોધ કરી પક્ષ સાથે બળવો કરતા ચૂંટણી અધિકારીને ચૂંટણી યોજવાનો ફરજ પડી હતી અને તે વખતે પણ દક્ષાબેન નાથાણીનો આ ચૂંટણીમાં વિજય થયો હતો તે પછી પાલિકાના અનેક ભાજપ નામે જીતેલા મહિલા સભ્યના પતિ દ્વારા આ પ્રમુખને કરવામાં આવી હતી અને એકબીજા તરફ ભાજપના મહિલા સભ્યના પતિ દ્વારા અવિશ્વાસની દરખાસ્ત તૈયાર કરી ૧૨ સભ્યોની સહી સાથે સ્પીડ પોસ્ટ પાલિકામાં મોકલવામાં આવી હતી જેમાં એક સભ્યને ખોટી સહી કરી હોવાનું પણ બહાર આવ્યું છે. ત્યારે આ અવિશ્વાસની દરખાસ્ત નું પરિણામ આવે તે પહેલાં જ પક્ષાંતર ધારા હેઠળની અરજી ને લઇ શહેરી વિકાસના અધિકારી દ્વારા નગરપાલિકાના સભ્યને ગેરલાયક ઠેરવાતો હુકમ કરવામાં આવ્યો છે ત્યારે આમ બાબતોને લઇ પાલિકાના ભાજપના એક મહિલા સભ્યના પતિ દ્વારા પોતાની પત્નીને પ્રમુખ બનાવવા માટે રાજ રમત રમાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આ

# દાહોદ જીલ્લામાં પ્રવાસી શિક્ષકોને શિક્ષણ આપવા આદેશ

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક અને ઉત્તર બુનિયાદી શાળાઓમાં પ્રવાસી શિક્ષકો દ્વારા શિક્ષણ આપવા તાત્કાલિક અસરથી આદેશ કરવામાં આવે તે માટે દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા દાહોદ ના જિલ્લા શિક્ષણ અધિકારી ને લેખિત રજૂઆત કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ નું શિક્ષણ કાર્ય તારીખ ૧ જાન્યુઆરી ૨૦૨૧ થી ચાલુ કરવાના આદેશો સાથે દાહોદ જિલ્લામાં પણ ધોરણ ૧૦ અને ૧૨ ની શાળાઓ ફરી ધમધમતી થઇ છે અને જાણવા મળ્યા પ્રમાણે ધોરણ નવ અને ૧૧ આ વર્ગો પણ ટૂંક સમયમાં ચાલુ થનાર છે. ઓનલાઇન શિક્ષણ ની સામે ઓફલાઈન શિક્ષણ અપાય તે માટે સ્કૂલોમાં શિક્ષકો ની ખોટ પૂરવા પ્રવાસી શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે. આ તમામ સંદર્ભે દાહોદ જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારીને આપવામાં આવેલ લેખિત અરજીમાં જણાવ્યા અનુસાર ગુજરાત રાજ્યના અન્ય જિલ્લાઓમાં પ્રવાસી શિક્ષકો નો મહેકમ મંજૂર કરી શિક્ષણ કાર્ય ન બગડે તે હેતુથી પ્રવાસી શિક્ષકો ને ચાલુ રાખેલ છે. તો દાહોદ જિલ્લામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક તેમજ ઉત્તર બુનિયાદી શાળાઓ માં પ્રવાસી શિક્ષકો દ્વારા શિક્ષણ આપવા તાત્કાલિક અસરથી આદેશ આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.




# દાહોદ જીલ્લામાં ખાદ્ય તેલના ભાવોની અસર ગૃહિણીઓના બજેટ ઉપર પડી

દાહોદ,

દાહોદ જિલ્લામાં દિવાળી બાદ એકાએક ખાદ્ય તેલની કિંમતમાં તોતિંગ વધારો થતાં ગૃહિણીઓના બજેટની સાથે સાથે ભાવ સાંભળી સામાન્ય માણસની કમર તુટી જવા પામી છે અને તેમાંય દાહોદ જિલ્લામાં તો તેલના વેપારીઓ જાણે ભુમાફિયા માફીક હવે તેલ માફિયાઓ સાબીત થઈ રહ્યાં છે. મનફાવે તેટલા કિલો દીઠ પૈસા વસુલી રહ્યાં હોવાની છડેચોક બુમો ઉઠવા પામી છે. આ સમગ્ર મામલે દાહોદ જિલ્લાનું લાગતું વળગતું તંત્ર પ્રજાના હિતને ધ્યાનમાં રાખી આવા તેલ માફિયાઓ ઉપર લગામ કશે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

લાંબા સમય સુધી ફરસાણને ટકાવી રાખવા મોટાભાગના ફરસાણના દુકાનદારો સીંગતેલની જગ્યાએ પામોલીનમાં ફરસાણ બનાવતા થયાં.

અત્રે મહત્વનું ઉલ્લેખનીય એ છે કે, ઘણી મોટી મોટી ફરસાણની દુકાનો પર જાહેરાતો પણ થતી હોય છે કે,ફરસાણમાં સીંગતેલનો ઉપયોગ કરવામાં આવે છે અને સીંગતેલમાં ફરસાણ બનાવવામાં આવે છે. પરંતુ તજજ્ઞોના જણાવ્યા અનુસાર,સીંગતેલમાં બનાવેલ ફરસાણ ૧૫ દિવસ સુધી બગડતું નથી. ત્યારે પામોલીન તેલમાં બનાવેલ ફરસાણ અઢી થી ત્રણ માસ સુધી સુરક્ષિત રહે છે. આવા સમયે સાચા અર્થમાં શું ફરસાણના દુકાનદારો ખરેખર સીંગતેલમાં જ ફરસાણ બનાવતાં હશે ? તે પણ વિચાર માંગી લેતો પ્રશ્ન છે. તગડો નફો રળી લેવાના આશયે ઘણા દુકાનદારો સીંગતેલના નામે પામોલીન તેલમાં ફરસાણ બનાવી વેચાણ કરતાં હોવાનું પ્રતિત થઈ રહ્યું છે.

# દે.બારીયા માન સરોવર તળાવમાંથી ૬૦ વર્ષીય વૃદ્ધાનો મૃતદેહ મળ્યો

દાહોદ,

દે. બારીયાના માન સરોવર તળાવમાંથી એક ૬૦ વર્ષીય વૃદ્ધ મહિલાની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. જોકે આ મહિલાએ તળાવમાં પડતું મૂકી આત્મહત્યા કરી છે. કે પછી હત્યા કરી ફેંકી દેવામાં આવી છે. તે હાલ જાણી શકાયું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર દે. બારીયા તાલુકાના સાતકુંડા ગામના રહેવાસી વિપુલભાઈ ગણપતભાઈ રાઠવાની ૬૦ વર્ષીય પત્ની ભારતીબેનની લાશ ગત તારીખ ૨૦.૦૧.૨૦૨૧ ના રોજ બારીયાના માનસરોવર સરોવર તળાવમાંથી મળી આવી હતી. જોકે આ બનાવની જાણ પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી મરણજનાર મહિલાએ તળાવમાં પડતું મૂકી આત્મહત્યા કરી શકે કોઈકે મારીને ફેંકી દીધી છે. તે બાબતની તપાસ અર્થે મરણજનાર મહિલાના મૃતદેહને પીએમ માટે સરકારી હોસ્પિટલ મોકલી આપી હતી.

આ બનાવ સંબંધે મરણ જનાર મહિલાના પિતા શનાભાઈ બારીયા રહે. મોટી ખજુરિનાઓએ દેવગઢ બારીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અકસ્માત સબંધે ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૦૭ કોરોના કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે વધુ ૦૭ કોરોના દર્દીઓનો સમાવેશ થતાં જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૨૭૮૩ને પાર થઈ ચુક્યો છે.

આર.ટી.પી.સી.આર.ના ૨૦૯ પૈકી ૦૭ અને રેપીટ ટેસ્ટના ૪૩૭ પૈકી આજે એકેય કેસ સામે આવ્યો નથી. આ ૦૭ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૫ કેસો સામે આવ્યાં છે જ્યારે બાકીના દાહોદ ગ્રામ્યમાંથી ૦૧ અને ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧ કેસનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૭ દર્દીઓએ હોસ્પિટલમાંથી રજા લેતાં એક્ટીવ કેસની સંખ્યા ૫૦ રહેવા પામી છે. અને અત્યાર સુધી કોરોનાથી કુલ ૯૬ લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યાં છે.

# દાહોદ શહેરમાં ૦૪ પક્ષીના ભેદી મોત

દાહોદ,

દાહોદ શહેરમાં ચાર પક્ષીઓના ભેદી મોતને પગલે બર્ડફ્લુની રાજ્યમાં દેશને પગલે હરકતમાં આવેલ તંત્રે આ ચારેય મૃત પક્ષીઓના સેમ્પલને નિરીક્ષણ માટે મોકલી આપ્યાનું જાણવા મળી રહ્યું છે.

દાહોદ શહેરના ભીલવાડા વિસ્તારમાં આજે ચાર પક્ષીઓના મોત થયા હોવાનું તંત્રને જાણ થતા જ કર્મચારીઓ સ્થળ પર દોડી ગયા હતા અને બર્ડફ્લુની ખાતરી માટે પોસ્ટમોર્ટમ માટે ચાર પૈકી બે પક્ષીઓને અમદાવાદ થી ભોપાલ મોકલવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે અને બીજા બે પક્ષીઓને અમદાવાદ મોકલવામાં આવશે. આચાર્ય પક્ષીઓના પોસ્ટમોર્ટમ દાહોદ ખાતે કરવામાં આવ્યા હતા અને તેના સેમ્પલો અમદાવાદ અને ઈન્દોર રવાના કરવામાં આવ્યા છે. ત્યારે હરકતમાં આવેલ દાહોદ જિલ્લા તંત્રે વધુ કેટલાક પક્ષીઓ ભેદી મોતને ભેટ્યા છે તેની તપાસ પણ હાથ ધર્યા છે.



ઝાલોદ તાલુકાના કુંઠી કંકાસીયા ગામે ભારતીય ટ્રાયબલ પાર્ટી (બીટીપી)ની મીટીંગ મળી હતી. મીટીમાં અજયભાઈ કટારા, ઉપપ્રમુખ રમેશભાઈ ગરાસીયા, ઝાલોદ તાલુકા મંત્રી શૈલેષભાઈ ભુરીયા તથા બીટીપીના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 127

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ઘોઘંબામાં તાંત્રિક વિધિનું મોટું ષડયંત્ર

# કાચબા પર તાંત્રિક વિધિ કરી પૈસાનો વરસાદ કરાવવાનો તાંત્રિનો દાવો





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

- વન્ય વિભાગે પાંચ ઈસમોને શિડયુલ-૧ માં આવતાં ૦૪ કાચબા સાથે ઝડપ્યા.
- વન વિભાગ અને પ્રાણી કુરતા નિવારણ સંસ્થાના સંયુકત ઓપરેશનમાં પાંચ ઈસમો ઝડપાયા.
- ઘોઘંબાના રાજગઢમાં કાચબા ઉપર તાંત્રિક વિધી.
- પાંચ વ્યકિતઓ દ્વારા વાવકુલ્લીના જંગલમાં તાંત્રિક વિધિ કરાઈ રહી હતી.
- રાજગઢ ફોરેસ્ટ અને વડોદરા વાઈલ્ડ લાઈફ સર્કલની સરાહનીય કામગીરી.

ઘોઘંબાના વાકુલીસ ગામના જંગલમાં વન્યજીવ ઉપર તાંત્રિક વિધી કરી રૂપીયાનો વરસાદ કરવાનો હતો. વન વિભાગના અધિકારીએ સાધુનો વેશ ધારણ કરીને પાંચ આરોપીઓ શિડયુલ-૧માં આવતાં નંગ-૦૪ કાચબા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

ઘોઘંબા, પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના રાજગઢમાં તાંત્રિક વિધિનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. તેવી માહિતીના આધારે પાણીકુરતા નિવારણ સંસ્થાના અને GSPCA ની ટીમે વોચ ગોઠવી હતી અને આજરોજ વાકુલ ગામે જંગલમાં તાંત્રિક વિધિ માટે લગાવેલા શિડયુલ-૧માં આવતાં ૦૪ કાચબા સાથે પાંચ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

ઘોઘંબા તાલુકાના રાજગઢમાં તાંત્રિક વિધિનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે. તેવી ગુજરાત પ્રાણીકુરતાા નિવારણ સંસ્થાના રાજેશ ભાવસારને બે મહિનાથી માહિતી મળી હતી. જેના આધારે GSPCA ની ટીમે વોચ ગોઠવવામાં આવી હતી. આજરોજ GSPCA ની ટીમ તેમજ વડોદરા વાઈલ્ડ લાઈફ સર્કલના સ્ટાફ તેમજ રાજગઢ આર.એફ.ઓ. સાથે મળી સંયુકત ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. નકલી સાધુ બનેલા વન અધિકારીએ વિધિ કરાવાના વ્યગ રહ્યો હતો. જેમાં વાકુલી ગામના ગીચ જંગલમાં વિધિ ચાલી રહી હતી. જેમાં મુખ્ય આરોપી માઉસિંગ બારીયા જે વન્યજીવ ઉપર વિધિ કરવા માટે જંગલમાં લઈ ગયેલ હતો. તેની પાસેથી શિડયુલ-૧માં આવતાં કાચબા નંગ-૦૪ મળી આવ્યા હતા. જેની ઉપર તાંત્રિક વિધિ કરીને પૈસાનો વરસાદ કરવાનો હતો. આ તાંત્રિક વિધિમાં અન્ય ચાર સાગરીતને પણ મુદ્દામાલ સાથે વન વિભાગે રંગે હાથે ઝડપી પાડયા હતા.

વન વિભાગ દ્વારા પકડી પાડવામાં આરોપીઓ પાસેથી ૦૪ નંગ કાચબા તેમજ હથિયારોમાં બે તલવાર, એક ધારીયું, એક છરો પણ વન વિભાગે જપ્ત કર્યો હતો. વન્યજીવો સાથે પકડાયેલ ઈસમો વિરૂદ્ધ વન્યજીવ અધિનિયમ ૧૭૭૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવહી હાથ ધરવામાં આવી છે.

### ઘોઘંબાના વાવકુલ્લી ગામેથી પકડાયેલ આરોપીઓની યાદી

૧. માઉસિંગ બારીયા
૨. ગોવિંદભાઈ મનસુખભાઈ પટેલીયા
૩. પ્રદિપભાઈ ભલાભાઈ બારીયા
૪. રણછોડભાઈ રૂપાભાઈ બારીયા
૫. ભારતભાઈ વાલાભાઈ બારીયા.

# ગોધરા વન વિકાસ નિગમ દ્વારા ટીમરૂ પાનની હરાજી કાર્યક્રમ સમય પહેલા પુરો કરી દેતાં વેપારીઓનો વિરોધ



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

ગોધરા, ગોધરા ખાતે ગુજરાત રાજય વન વિકાસ નિગમ લીમીટેડ દ્વારા ટીમરૂ પાનની હરાજી માટેના જાહેર હરાજી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ટીમરૂ પાનની હરાજી નિર્ધારીત સમય પહેલા પુરી કરી દેવામાં આવતાં સ્થાનિક વેપારીઓએ વિરોધ કર્યો હતો. વેપારીઓ દ્વારા આક્ષેપ કરવામા આવ્યો કે ટેન્ડર માનીતા વેપારીઓને આપવામાં આવ્યા છે.

### માનીતા વેપારીઓને ટેન્ડર પાસ કર્યાનો આક્ષેપ

ગોધરા વન વિકાસ નિગમ દ્વારા ટીમરૂ પાનની જાહેર હરાજી યોજવામાં આવી હતી. આજરોજ ટીમરૂ પાનની હરાજીમાં નિગમના એમ.ડી. હાજર રહ્યા હતા અને ટીમરૂ પાનની હરાજીમાં નહિવત વેપારીઓની હાજરીમાં હરાજી પુરી કરી દેવામાં આવી હતી. ટીમરૂ પાનની હરાજી નિર્ધારીત સમય પહેલા પુરી દેવામાં આવી હતી અને ટીમરૂ પાનના ટેન્ડર કચેરીના માનીતા વેપારીઓને આપવામાં આવ્યા હોવાના આક્ષેપ કર્યો હતો. નિગમ દ્વારા ટીમરૂ પાનની જાહેર હરાજી માટે કરવામાં આવેલ ટેન્ડર જાહેરાતમાં ૨૧ જાન્યુઆરી સાંજના ૫ કલાકે રાખવામાં આવ્યો હતો. તેમ છતાં નિગમના અધિકારીઓ દ્વારા પોણા ચાર વાગે ટેન્ડર પ્રક્રિયા ચાલુ કરવામાં વેપારીઓએ વિરોધ કર્યો હતો. વેપારીઓના વિરોધને લઈ નિગમના એમ.ડી. સ્થળ છોડી રવાના થયા હતા.

ગોધરા વન વિકાસ નિગમ ખાતે ટીમરૂ પાનની જાહેર હરાજી સમય પહેલા શરૂ કરી દેવામાં આવતાં ટેન્ડર પ્રક્રિયામા હાજર વેપારીઓએ વિરોધ કર્યો સાથે આક્ષેપ કરવામાં આવ્યો કે ટીમરૂ પાનના ટેન્ડર માનીતા વેપારીઓને આપી દેવામાં આવ્યા છે.

# મોરવા(હ)ના સતંરોડ ખાતે અનેક વિસ્તારોમાં ગંદકીનું સામ્રાજય છતાં તંત્ર કે પ્રતિનિધીઓની આંખો ખુલતી નથી



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના સંતરોડ ખાતે ના સ્થાનિક વિસ્તારોમાં ગંદકી જોવા મળતા તે મામલે સ્થાનિક વહીવટ દારો/ પ્રતિનિધિઓ પર પ્રશ્ન ઉઠાવતા સંતરોડ ના નગરજનો.

મોરવા હડફ તાલુકાના સંતરોડ ખાતે ના સ્થાનિક વિસ્તારો માં ગંદકી ના ઢગલા જોવા મળી રહ્યા છે. તેમજ સંતરોડ ખાતે આવેલી ઈન્દિરા કોલોની,વિદ્યાનગર કોલોનીમાં વરસો પહેલા ગટર બનાવામાં આવી હતી.જેની કોઈ પણ મરામત કરવા માં આવતી નથી.જેના કારણે ગટરમાં વહેતું ગંદુ પાણી રોડ પર આવી જાય છે અને દુર્ગંધ મારે છે.જેના કારણે સ્થાનિક રહીશો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તેમજ આ મુશ્કેલી અંગે વારંવાર સ્થાનિક વહીવટ દારો/પ્રતિનિધિઓ ને રજુઆત કરવા છતાં પણ કોઈજ નિરાકરણ આવ્યું નથી.તયારે

આ એ વિસ્તાર છે જ્યાં સંતરોડ નો પહેલો કોરોના નો કેસ આવ્યો હતો અને આ વિસ્તાર ને ક્વૉરેન્ટાઇન કરવા માં આવ્યો હતો. ઘણાં દિવસો સુંધી ગટર ની સફાઈ કરવા માં આવતી નથી.અને સફાઈ કરવા માં આવે છે તો ગટર નો કચરો ગટર ઉપર જ ખડકી દેવામાં આવે છે. જેથી આ વિસ્તાર માં ગંદકીના ઢગલા જોવા મળી રહ્યા છે. આ વિસ્તાર ના પ્રતિનિધિ આ બાબતે ગ્રામ પંચાયત નું ધ્યાન દોરતા નહિ હોય? કે ગ્રામ પંચાયત દ્વારા આ વિસ્તાર ની સમસ્યા પર ધ્યાન આપવામાં આવતું નથી આવી ચર્ચા સ્થાનિક રહીશો દ્વારા થઇ રહી છે.

# પંચમહાલમાં જિલ્લા કલેકટરની અધ્યક્ષતામાં જિલ્લા કો-ઓર્ડિનેશન કમિટી ફોર લેપ્રસીની બેઠક યોજાઈ

ગોધરા, પંચમહાલ કલેકટર અમિતા અરોરાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કો-ઓર્ડિનેશન કમિટી ફોર લેપ્રસીની બેઠક યોજાઈ હતી. જિલ્લા સમાહર્તાએ ૩૦મી જાન્યુઆરીથી શરૂ થનારા અને ૧૩મી ફેબ્રુઆરી સુધી ચાલનારા સ્પર્શ લેપ્રસી અવેરનેસ કેમ્પેઈન વિશે વિગતવાર માહિતી મેળવીને માર્ગદર્શન-સૂચના આપ્યા હતા અત્રે ઉલ્લેખનીય છે કે દર વર્ષે જિલ્લામાં લેપ્રસી એટલે કે રક્તપિત્તના રોગ વિશે જાગૃતતા ફેલાવવા માટે આ અભિયાન ચલાવવામાં આવે છે. કલેકટરએ જિલ્લામાં રક્તપિત્તથી પીડિત દર્દીઓ, તેમની ચાલી રહેલી સારવાર, ડિટેક્શન રેટ, જાગરૂકતા અભિયાન વગેરેને લગતી માહિતી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે જિલ્લામાં પ્રિવેન્શન રેટ સતત ઘટી રહ્યો છે. આ પ્રિવેલન્સ રેટ વર્ષ ૨૦૧૪-૧૫માં પ્રતિ ૧૦,૦૦૦એ ૧.૫૦ હતો, જે હાલ અસરકારક કામગીરીને પગલે ઘટીને ૦.૬૧ થવા પામ્યો છે. જિલ્લા માટે સારી વાત છે કે વર્ષ ૨૦૨૦-૨૧માં રક્તપિત્તના પરિણામે ડિફોર્મિટીના કેસો અને રેશિયો ઘટીને ૦ થયા છે. વર્ષ ૨૦૧૯-૨૦માં જિલ્લામાંથી રક્તપિત્તના કુલ ૨૭૭ અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૯૫ કેસો મળી આવ્યા છે. કલેક્ટરએ કેસો તેમના પ્રારંભિક તબક્કામાં જ ડિટેક્ટ થાય તે પ્રમાણે કામગીરી કરવા જણાવ્યું હતું જેથી દર્દીઓ વધુ ઝડપથી રોગમુક્ત થઈ શકે અને તેમના અંગોને નુકસાન થતું અટકાવી શકાય. બેઠકમાં ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી એસ.કે રાઠોડ, જિલ્લા રક્તપિત અધિકારી અરૂણ કુમાર પંડિત,જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી સુરેન્દ્ર જૈન સહિતના આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલમાં કોરોના સંક્રમણના સક્રિય કેસોની સંખ્યા ઘટીને ૩૫ થઈ

ગોધરા, પંચમહાલ જિલ્લામાં આજે કોવિડ-૧૯ સંક્રમણના નવા ૦૪ કેસ મળી આવતા સંક્રમણના કુલ કેસની સંખ્યા ૩૯૦૩ થવા પામી છે. ૦૫ દર્દીઓને સારવાર બાદ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવતા હાલની સ્થિતિએ જિલ્લામાં સક્રિય દર્દીઓની સંખ્યા ઘટીને ૩૫ થઈ છે, જેમની સારવાર હાથ ધરવામાં આવી રહી છે. નવા મળી આવેલા કેસો પૈકી શહેરી વિસ્તારોમાંથી ૩ અને ગ્રામ્ય વિસ્તારોમાંથી ૦૧ કેસ મળી આવ્યા છે. શહેરી વિસ્તારોમાં કેસોની વિગત જોઈએ તો ગોધરામાંથી ૦૨ અને હાલોલ શહેરમાંથી ૦૧ એમ કુલ ૦૩ કેસો મળી આવ્યા છે. આ સાથે શહેરી વિસ્તારોમાં સંક્રમણના કુલ ૨૮૫૫ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારોમાંથી આજે ૧ કેસ મળી આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૧૦૪૮ કેસ મળી આવ્યા છે. સારવાર બાદ સાજા થતા આજે કુલ ૦૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ સાથે હોસ્પિટલમાંથી રજા મેળવનાર દર્દીઓની કુલ સંખ્યા ૩૭૨૯ થવા પામી છે. જિલ્લામાં કોરોનાના સક્રિય કેસોની સંખ્યા ૩૫ થઈ છે, જેમની સારવાર ચાલી રહી છે.

## ગોધરાની હારેડા નવી વસાહતમાં અજાણ્યા વાહનની ટકકરે એક વ્યકિતનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના હારેડા નવી વસાહત ખાતે અજાણ્યા વાહનની અડફેટમાં સ્થાનિક રહિશો ઈજાઓ કરી મોત નિપજાવી દેતાં કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના હારેડા નવી વસાહતમાં રહેતા દિનેશભાઈ નરવતભાઈ બારીયાને રોડ ઉપર થી પસાર થતાં અજાણ્યા વાહન ચાલકે અફડેટમાં લીધા હતા અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી મોત નિપજાવી અજાણ્યા વાહનનો ચાલક નાશી છુટીયો હતો. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ગોધરાના કાંકણપુર ઝાડેશ્વર ચોકડી પાસ કારની અડફેટે એક વ્યકિતનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના કાંકણપુર ઝાડેશ્વર ચોકડી પાસેથી પસાર થતી કાર ચાલકે રાહદારીને અડફેટમાં લેતાં એક વ્યકિતને ઈજાઓ પહોંચાડતા મોત નિપજાવા પામ્યું છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાના કાંકણપુરની ઝાડેશ્વર ચોકડી પાસેથી પસાર થતી કાર નંબર જી.જે.૧૭.બીએચ.૪૮૨૫ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવીને રોડ સાઈડે ચાલતા રાહદારી શ્રવણભાઈને અડફેટમાં લઈ ટક્કર મારતા ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. જ્યારે અન્ય વ્યકિતને ઈજાઓ કરી ગુનો કરતાં આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## ભામૈયા મુકામે પ્રજ્ઞા અભિગમની જાણકારી અને હોમલર્નિંગની અસરકારકતા વધારવા અર્થે વાલીબેઠક યોજાઈ



ગોધરા, Covid -19 ની મહામારીની અસર વચ્ચે પણ બાળકોનો શૈક્ષણિક વિકાસ જળવાઈ રહે તે માટે શિક્ષણવિભાગ તરફથી ટીવી, youtube, facebook live, દીક્ષા પોર્ટલ વગેરે માધ્યમો પરથી નિયમિતપણે હોમ લર્નિંગના કાર્યક્રમો ચાલી રહ્યા છે. આ કાર્યક્રમો વધારેમાં વધારે બાળભોગ્ય બને તેમજ તેનો વ્યાપ્ત પણ વધે અને સાથે સાથે પાયાના શિક્ષણ માટેના પ્રજ્ઞા અભિગમ વિશે પૂરેપૂરી જાણકારી આપી સામુદાયિક સહયોગ મળે તે હેતુથી અંબાલી છાત્રાલય સી.આર.સી માંની ભામૈયા પ્રાથમિક શાળા મુકામે શાળાના આચાર્યા નયનાબેન પરમાર અને કલસ્ટરના સીઆરસી કો-ઓર્ડિનેટર કૌશિકભાઈ પટેલના આયોજન અને માર્ગદર્શન હેઠળ covid 19 ની ગાઈડલાઈન્સ જાળવીને ધોરણ-૧ અને ૨ માં અભ્યાસ કરતા બાળકોના વાલીઓની વાલીબેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં શાળાના આચાર્યા બહેને શાળાના શૈક્ષણિક આયોજન અને શાળા દ્વારા કરવામાં આવતા પ્રયત્નો અને બાળકોની શૈક્ષણિક સ્થિતિથી સૌને માહિતગાર કર્યા હતા વળી આ પ્રસંગે ઉપસ્થિત સીઆરસી કોઓર્ડિનેટરે હોમ લર્નિંગ ને સ્પર્શતી વિવિધ બાબતોની વિસ્તૃત સમજ આપી હતી અને શૈક્ષણિક મુલાકાતો દરમિયાન અને શૈક્ષણિક કાર્યક્રમો પરથી અપાતા માર્ગદર્શનથી બાળકો તૈયાર થાય તે માટે આ શૈક્ષણિકયજ્ઞમાં શિક્ષિત યુવાનોને જોડાવા માટે અપીલ પણ કરી હતી. ઉપરાંત મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત ચાલતા કાર્યક્રમથી માહિતગાર કરી તેનો બહોળો પ્રચારપ્રસાર કરવા ઉપસ્થિતોને જણાવ્યું હતું.

## રામપુરા બી.ફાર્મસી કોલેજના N.S.S દ્વારા સેલિબ્રેશન ૨૦૨૧નું આયોજન

ગોધરા, નુતન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત બી.ફાર્મસી કોલેજ રામપુરા દ્વારા વર્ષ ૨૦૦૬થી બેચલર ઓફ ફાર્મસી કોર્ષ ચલાવવામાં આવે છે. આ સંસ્થાને એ.આઈ.સી.ટી અને ફાર્મસી કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દિલ્હીથી માન્યતા મળેલ છે અને સંસ્થા ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટી સાથે પણ જોડાણ ધરાવે છે. તાજેતરમાં સંસ્થા ખાતે નેશનલ યૂથ ડે સેલિબ્રેશનનુ ૨૧-૦૧-૨૦૨૧ના દિવસે મંગળવારે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બી.ફાર્મસીના ૩૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સંસ્થાના આસિસ્ટન્ટ પ્રોફેસરે તેમને જજ કર્યા હતા. નેશનલ યૂથ ડે સેલિબ્રેશનમાં બી.ફાર્મસી કોલેજ દ્વારા વક્તતૃત્વસ્પર્ધા, નિબંધ, વિડીયો અને પોસ્ટર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક શ્રેણીમાં શ્રેષ્ઠ બે સ્પર્ધકોને કોલેજ દ્વારા નંબર એનાયત કરવામાં આવ્યા હતા. સસ્થાના આચાર્ય, શિક્ષકગણ અને વિદ્યાર્થીઓએ તેમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો.

## હાલોલના ચંદ્રપુર ચોકડી પાસે અજાણ્યા કારની અડફેટમાં બાઈક ચાલકનું મોત

હાલોલ, હાલોલ ચંદ્રપુર ચોકડી પાસે રોડ ઉપર થી પસાર થતી ફોર વ્હીલ ગાડીના ચાલકે મોટર સાયકલને અડફેટમાં લેતાં બાઈક ચાલક ફંગોળાઈ ગયો હતો. ગંભીર ઈજાઓ થતાં દવા સારવાર માટે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ ચંદ્રપુરા ચોકડી પાસે રોડ ઉપર પસાર થતી ફોર વ્હીકલના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવીને મોટર સાયકલ નંબર જીજે.૨૩.બીપી.૨૫૬૪ને ટકકર મારી હતી. કારની ટક્કરે બાઈક ચાલક પ્રકાશભાઈ ઉર્ફે પરેશભાઈ હિંમતભાઈ પરમારને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. દવા સારવાર માટે ખસેડતા સારવાર દરમ્યાન મોત નિપજાવા પામ્યું છે.

## કાલોલના નવારીયા ગામે ખેતરમાંથી ૩૫૦૦ રૂપીયાનો દારૂ ઝડપ્યો

કાલોલ, કાલોલ તાલુકાના નવારીયા ગામે ખેતરના છાપરામાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ હતો. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી ૩૪૫૦/-રૂપીયાના દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના નવારીયા ગામે રહેતા સોમાભાઈ રયજીભાઈ પરમાર પોતાના ખેતરના છાપરામાં દારૂ સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. રેડ દરમ્યાન ઈંગ્લીશ દારૂ અને બીયર ટીન મળી કુલ ૩૪૫૦/-રૂપીયાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.